સામાયિક આવૃત્તિ.

રાયચંદ્ર-જૈનકાવ્યમાલા.

પ્રાચીન ગુજરાતીજૈનકાવ્યસાહિત્યનો સંગ્રહ.

ગુચ્છક ૨ જો.

સંગ્રહ કરી પ્રગટ કરનાર,
મનસુખલાલ રવજીભાઇ મેહતા.

પહેલી આવૃત્તિ.

અમદાવાદ,
'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં સાકરચંદ દરીઆવ શાહે છાપ્યું.

ઈ૦ સ૦ ૧૯૧૪. સંવત્ ૧૯૭૦.

કિમ્મત રૂપિયો એક.

અર્પણ.

શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી,
એમ. એ. એલએલ બી.
જજ, સ્મોલ કૉઝ કોર્ટ,
મુંબઈ.

પૂજ્યારાધ્ય ભાઈશ્રી;

આપનો અને મારો પરિચય સહજ કાકતાલીયવત્ થયો હતો. પરંતુ થોડા સમયમાં એ પરિચયમાં સ્નેહભાવ-વત્સલભાવ આદિ અન્તર્ગત રહેલો પરસ્પર અનુભવમાં આવવા લાગ્યો. એ અનુભવ નૈસર્ગિક અપૂર્વ-કુદરત પ્રકારની કુનિરૂપ અનુભવો. રાજ્યકારોની પરિભાષામાં જેને 'સ્નેહાનુબંધિત સ્નેહ' કહે છે તે સ્નેહ એ દેખાડે છે કે કેમ એ મારો દેલનો મન-પ્રત્યે પ્રશ્ન છે.

જે વિરોધપૂર્વક હું આજે આપને અર્પું છું તે વિરોધનું ઘણા ઘણા વખતથી આપના પૂર્વજોએ નિરંતર સાધુ છે-સેવ્યું છે 'પૂજ્ય આરાધના' એ વિરોધનું આપને યોગ્ય છે એમ મને લાગ્યું 'દેવતાઈ પાણી' માં ઉલ્લેખ અને 'જૈન ધનાગર' માં ઉલ્લેખ અસ્મિતા પ્રસંગો પ્રતે પ્રસંગ આવ કા કરેલું ધરતી હો એનો ખ્યાલ કરતાં મને એમ ખ્યાલમાં આવ્યું કે જેમાં 'પૂજ્ય આરાધના'નો ગુણ હોય તો તેમ થઈ શકે. જૈન મહાત્માઓ મુનિઓ પણ પૂજ્ય હોય તો તેને આરાધવા યોગ્ય અને આદર્શરૂપ જોઈએ એવો ભાવ આપને ચિત્તે સ્થિર થયેલો દેખી, આપને આજે તે વિરોધપૂર્વક અનેક પ્રાચીન જૈન મહાત્માઓ મુનિઓના આ એક સંગ્રહની સાથે આપને પૂછયા વિના અને વિશેષ સૂચના કર્યા વિના આપનું નામ જોડું છું. આ સંગ્રહના પ્રથમ ગુચ્છક સાથે આપના અંતરંગ મિત્ર અને ગુજરાતના એક સુન્દર કુળ સજ્જન ગોવર્ધનરામભાઈનું નામ મેં જોડ્યું હતું. આ બીજા ગુચ્છક સાથે આપનું નામ જોડું છું. મને તેવી યોજના જોડવાનું ઠીક લાગ્યું એટલે મેં તેમ કર્યું.

મનસુખલાલ.

પ્રસ્તાવના

[illegible] નીમ પુસ્તકની [illegible] છું.

[illegible] ભૂમિને પ્રાપ્ત [illegible] કેમ થયું છે, આ વિષયમાં [illegible] કરે છે કે અને [illegible] છે.

[illegible]

[illegible]

[illegible] આ [illegible] હરિભૂમિ [illegible] કરવા [illegible] છે. [illegible] થયું છે. આ [illegible] પુસ્તક [illegible] પ્રથમ [illegible] અને [illegible] આ પુસ્તક [illegible] નથી.

[illegible] ચરિત્ર મેં [illegible] છે કે [illegible] થયું કેમ અને [illegible] આ [illegible] પુસ્તકમાં [illegible] જીવનચરિત્ર [illegible] આ પુસ્તક [illegible] અને [illegible] જીવનચરિત્ર લખવાની [illegible] નહિ [illegible] સુધી [illegible] લખવા [illegible] ભૂમિને [illegible] નું કેવું ચરિત્ર [illegible] સુધી લખવા [illegible] ન [illegible] નું ખરું ચરિત્ર લખવાને માટે [illegible] કે [illegible] છે તે ઉપરથી મને [illegible] છે. ખરું લખેલું ચરિત્ર સમાજને [illegible] સ્વીકાર કર્યું

પડશે; છતાં જ્યારે નજર લખાયું ત્યારે પછી ઉપરટે મારે આ પુસ્તક શિવા વિસ્તૃત ચરિત્ર બહાર પાડવો પડે છે.

આમ છતાં, રા. ભાઈ મોહનલાલ દલીચંદ દેસાઈ બી. એ. એલ-એલ. બી. એ શ્રીમાન્ દેવચંદ્રજીનું જે સંક્ષિપ્ત જીવનચરિત્ર લખ્યું છે તે આમાં દાખલ કર્યું. ભાઈ મોહનલાલે એ મહાપુરૂષના જીવનની જે લઘુરૂપ રેખા દોરી છે તે અવશ્ય ઐતિહાસિક માર્ગદર્શક છે. ભાઈ મોહનલાલની પેઠે આપણા જૈન સંતાનો આવી લોકોપકારક દિશાઓમાં પ્રયત્નો કરવા તત્પર થાય એટલું જ હું ઈચ્છું છું.

મારા તરફથી પ્રકટ થયેલ ગુર્જર જૈન કાવ્યોના સંગ્રહરૂપ "રાયચંદ્ર જૈન કાવ્યમાળા" ના પુસ્તક ૧ લાની અંદર ગુજરાતી ભાષાના જન્મ સાથે જૈનિયોનો સર્વથી પ્રથમ સંબંધ છે એવી મારી માનીનતા મેં ચર્ચી હતી. મારી આ માનીનતા રાજકોટ ખાતે મળેલી ત્રીજી ગુર્જર સાહિત્ય પરિષદમાં અને જાહેર વર્તમાનપત્રોમાં ચર્ચાઈ હતી. મારી આ માનીનતા હજુ કાયમ છે; એટલુંજ નહીં પણ મારી તે માનીનતા દૃઢ કરાવનારાં કેટલાંક કારણો મને ત્યાર પછી મળ્યાં છે.—જો કે એ ખરૂં છું કે મેં જેમ પ્રથમ પુસ્તકમાં કહ્યું હતું કે " ગુર્જર ભાષાનો જન્મ જૈનિયોથી હોવા યોગ્ય છે," એમ મારે કહેવું જોઈતું નહોતું. મારે એમ કહેવું જોઈતું હતું કે તેની ખીલવણીમાં જૈનિયોએ સૌથી પ્રથમ અને મુખ્ય ભાગ ભજવ્યો છે.

સદ્ગત ગોવર્ધનરામભાઈ તથા શ્રીયુત કેશવલાલભાઈએ જે દૃષ્ટિએ જૈન ગુર્જર સાહિત્ય અવલોક્યું છે તે દૃષ્ટિએ જો અવલોકવામાં આવે તો મારી આ માનીનતા સત્ય જણાયા વિના નહીં રહે એમ હું અત્યાર સુધી માનું છું. મારે મારી આ માનીનતા સંબંધમાં આ પ્રસંગની સાથેજ વિસ્તીર્ણ ઉહાપોહ કરવાની ઈચ્છા હતી. પરંતુ મારી તે ઈચ્છા અત્યારે તો ઈચ્છારૂપેજ રહી છે—અમલ રૂપે બહાર આવી નથી.

આ પુસ્તકમાં જે પુરૂષોના કાવ્યોનો સંગ્રહ દાખલ કર્યો છે તેના સંક્ષિપ્ત જીવન ચરિત્રો તથા કઠણ શબ્દોનો કોષ અને સમજુતી આપવાની મારી ધારણા હતી તે પણ શરીરના કારણથીજ પાર પડી નથી તે માટે દિલગીર છું.

મનસુખલાલ રવજીભાઈ મેહતા.

તા. ૧-૧૨-૧૯૧૩.

જૈનકવિતા.

શ્રીયુત મનસુખલાલ રવજીભાઈ મહેતાની જૈનસાહિત્યસેવા સાક્ષર વર્ગને સુવિદિત છે, "સનાતન જૈન" ના તંત્રી તરીકે સમગ્ર જૈનકોમને હિતકર થઇ પડે એવા લેખો લખી સમગ્ર જૈનકોમની સેવા બજાવવાને વ્યાજબી રીતે બીજા જૈનપત્રોને તેમણે બતાવ્યું છે. માગધી ભાષાના અભ્યાસની અને યુનિવર્સિટીમાં જૈન સાહિત્ય દાખલ કરાવવાની ચર્ચા પ્રથમ તેમણે ઉપાડી હતી. જૈન કાવ્યદોહન પ્રગટ કરવાની પહેલ પણ તેમણેજ કરી છે. શરીર આરોગ્ય નહિ હોવા છતાં તેઓ જૈનસાહિત્યની બની શકતી સેવા બજાવ્યે જાય છે એ નજરે જોયા પછીજ આટલું લખવાનું મન થયું છે. તેમના તરફથી પ્રગટ થતા જૈન કાવ્યદોહન માટે જૈનકવિતા વિષેના મારા આગલા વિચારો કે જે વિચારોમા હજી ફેરફાર થયો નથી તે આ નીચે દર્શાવું છું.

જૈનસાહિત્ય હવે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સ્થાનપરથી સાક્ષરમંડનમણિ ગોવર્ધનરામભાઈએ તેમજ સાક્ષર શિરોમણિ કેશવલાલ ભાઇ ધ્રુવે યોગ્ય વિવેચન કર્યું છે. એવા નિષ્પક્ષપાત ત્રાહિત વિદ્વાનોના અભિપ્રાયને લીધે જૈનેતર વિદ્વાનો જૈન સાહિત્યપ્રતિ સહાનુભૂતિ બતાવવા લાગ્યા છે અને એ સાહિત્ય તરફ જરા જરા ડોકીઉં કરવા લાગ્યા છે એ માટે જૈનો ઉક્ત બને વિદ્વાનોના આભારી છે.

કવિ દલપતરામે કાવ્યદોહનની પ્રસ્તાવનામા જુદા જુદા કવિઓના સંબંધમાં કંઇક કહ્યું છે. તેમનાં નામ માત્ર પણ સંભાર્યાં છે. ત્યારે જૈન કવિઓ સંબંધી એક અક્ષર પણ લખ્યો નથી. કાવ્યદોહનના ૧ લા ભાગમાં જ્યારે ત્રીશ કવિની કવિતાઓ લીધી છે ત્યારે તેમાં માત્ર એકજ જૈન કવિતા દાખલ થવાને ભાગ્યશાળી થઈ છે. તેજ પ્રમાણે કાવ્યદોહનના બીજા ભાગોનું સમજી લેવું. આપણે એમ માનીએ કે જૈન કવિની કવિતાઓ કે ગ્રંથોની કોઇ પણ વિશેષ હસ્તલિખિત પ્રતો તેમના હાથમાંઆવી નહિ હોય; પરંતુ તેમ નથી. તેઓશ્રી કાવ્યદોહનના પૃ. ૧૫૩ મે જણાવે [illegible] રચેલા ગુજરાતી ભાષાના

મળે ઘણા છે પણ તેમાં માગધી ભાષાના તેમ બીજા તરેહવાર શબ્દો આવે છે માટે અમે ઝાઝી કવિતા તેઓની લીધી નથી, "આ લખાણ એમ બતાવે છે કે જૈન કવિની કવિતા સમજવા તે વખતે વિશેષ પ્રયત્ન કર્યો નથી.

જૈન કવિઓ સિવાય બીજા કવિઓનાં કાવ્યોમાં અન્ય દૃષ્ટિએ તરે-હવાર શબ્દો હોવા છતાં તે કાવ્યોના સંશોધકોએ એ કાવ્યોને પ્રસિદ્ધિ આપી એનું કારણ એ હોઇ શકે કે એ કાવ્યો તેમના ધર્મને લગતાં અ-થવા પરિચિત હતાં. એ સંશોધકોમાંથી કોઈ જૈન નહોતા. વળી એ પણ બનવા જોગ છે કે "જૈન" પોતાનો કુળધર્મ ન હોવાથી પોતાના સ્વા-ભાવિક ધર્મ સંસ્કારોને લીધે ઝટ સહેજે ન સમજી શકાય એવાં જૈન કાવ્યોની એ સંશોધકોએ કદાચ ઉપેક્ષા પણ કરી હોય.

સાહિત્યના ઉપાસકોએ ધ્યાનમાં રાખવાનું છે કે પ્રાચીન કાવ્યમાળા અને અન્ય કાવ્યદોહનાદિમાં જૈન સિવાય બીજા જે જે કવિઓનાં કાવ્યો પ્રગટ થયાં છે તેમાં શબ્દાદિ પરત્વે સમયોચિત ફેરફાર સંશોધકોએ કર્યો છે; તેવોજ ઉચિત ફેરફાર સંશોધકો ધારત તો જૈન વિદ્વાનોને આમંત્રી તેઓની સહાયતા વડે કરી શકત.

કવિશ્વર દલપતરામ એમ પણ એક ઠેકાણે લખે છે કે "ચારસેં વરસ ઉપરના અને આ વખતના (સને ૧૮૭૨ ના) ગુજરાતના કવિઓની ભાષામાં કંઈ વધારે ફેરફાર થયલો નથી, પરંતુ સ્વ. સાક્ષર નવલરામભાઇ લખે છે કે "ઘણાના ધારવામાં એમ છે કે ગુજરાતી ભાષા હાલ જેમ બોલાય છે તેમ નરસિંહ મહેતાના વખતથી બોલાતી આવે છે. પણ એ દેખીતીજ ભૂલ છે. એટલાં વર્ષ સુધી ભાષા વિકાર ન પામે એ જનસ્વભાવ અને સઘળા દેશની ભાષાઓના ઇતિહાસથી ઉલટું છે." સંશોધકોએ નરસિંહ મહેતાનાં કાવ્યો સુધારીને પ્રગટ કર્યાં જણાય છે.

રાણકદેવી અને રાખેંગારના બોલાતા દુહાઓમાં મૂળ કરતાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છે તે નીચેના દુહાઓ પરથી જણાશે. જો કે મૂળ દુહા પણ સં. ૧૩૪૨ માં રચાયેલા એક પ્રબંધમાંથી લીધા છે. તેથી ઇ० સ० ના ૧૧ મા શતકમાં બોલાતા ખરેખર દુહા તો તેથી પણ જૂની ભાષામાં બોલાતા હશે.

રાણા સવ્વે વાણિયા, જે સનુ વડ્ડુ સેઠિ;
કાંહુ વણિજડુ માણ્ડિઉં, અમ્મીણા ગઢ હેઠિ
તઈં ગડુઆ ગિરનાર, કાંહુ મણિ મત્સર ધરિઉ;
મારીતાં રાખેંગાર, એક્ક સિંહર ન ઢાલિઉ.

હાલ બોલાય છે તે–અમારા ગઢ હેઠ, કોણે તંબુ તાણિયા;
સધરો મોટો શેઠ, બીજા વર્તાક વાણિયા.
ગોઝારા ગિરનાર, વળામણુ વેરીને કિધો;
મરતાં રાખેંગાર, ખરેડી ખાગો નવ થયો.

આચાર્યશ્રી શ્રીહેમચંદ્રાચાર્યના અપભ્રંશભાષાના વ્યાકરણમાંથીઉદાહરણલઈએ.

ઢોલા મઈં તુહુ વારિયા, મા કુર દીહમાણુ;
નિદ્દએ ગમિહિ રત્તડી, દડવડ હોહિ વિહાણુ.
પભણે મુંજ મૃણાલવઈ, જુવ્વણ ગિઉ મઝુાર;
જઇ સક્કર સયખંડ થિય, તોય સમિટ્ટી બૂરિ.

સંશોધકે એ દોહા સમજાય તેવી ભાષામાં નીચે મુજબ લખ્યા છે.

ઢોલા મેં તને વારિયો, મા કર લાંબું માન;
નિદ્રાએ રાત્રી જશે, ઉતાવળું થશે વહાણું.
મુંજ ભણે હે મૃણાલવતિ, જોબન ગયું ઝુરેમાં;
જદિ સાકર શતખંડ થઇ, તોય ઘણી મીઠી.

અનભ્યાસ, જિવ્હાદોષ, સરળતા તરફ વલણ ઇત્યાદિ કારણોથી ભાષા વિકાર પામતી જાય છે અને વિશેષ વિકારે જ્યારે જૂનું લખાણ કે કવિતા સમજી શકાય નહિ ત્યારે તેમાં સંશોધકો કે વાચકો દેશ કાળ મુજબ યોગ્ય સુધારો કે ફેરફાર કરે એમાં નવાઇ નથી. એવો ફેરફાર ઉપર આપેલા દુહાઓમાં આપણે જોયો. તો જો કોઇ વિદ્વાને જૈન કવિતા હાથમાં લીધી હોત ને જૈનોને તેનું સંશોધન કરવાને બોલાવ્યા હોત તો શું આજે ગુજરાતી સાહિત્યનું એક અંગ જે જુદું પડી ગયું જણાય છે તે શું એકત્ર સાહિત્યમાં ભળી ગયા વગરનું રહેત કે !

ગુજરાતમાં જ્યારે કાવ્યદોહનાદિ પુસ્તકો રચાયાં ત્યારે જૈન કવિઓએ ગુજરાતી ભાષાની બજાવેલી સેવા સંબંધે કદાચ અજાણપણે ઉપેક્ષા દાખવ્યા છતાં આપણે સારી રીતે જોઇ શક્યા છીએ કે ગુજરાતી સાહિત્ય

પરિષદ્ની અને બેઠકોમાં માનવંત પ્રમુખ સાહેબો તરફથી જૈનોની યોગ્ય કદર થઇ છેજ.

સ્વ. સાક્ષરશ્રી ગોવર્દ્ધનરામભાઇના ભાષણમાંથી ઉતારો કરિયે.

" શતક ૧૪ મું—ગુજરાતમાં તેજસિંહના એક ગ્રંથ વિનાના સર્વે ગ્રંથો માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રંથો પણ મોટા ભાગે ધર્મ-સાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના ગ્રન્થોનો આશ્રય પામી આટલો સાહિત્યરસ ઉભરા દીધો છે " ઇત્યાદિ.

" ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું તે વેળા દિલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ અને નાના સરદારોનો વિગ્રહ આ યુગના આરંભથી ૧૩૫૦ સુધી ચાલ્યો અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ વગેરે કાઠિયાવાડના ગામોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યો હતો. તેવામાં જૈન ગ્રન્થોના ચાર પાંચ સાધુઓ ઉગતા ગુજરાતી સાહિત્યના એકલા આધારભૂત હતા. તે પછીના પચીશેક વર્ષમાં ·········પણ બીજા પાંચેક જૈન સાધુઓ એવા આધારભૂત હતા. "

" જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શક્યા તેનો કાંઇ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો ? તેઓ ક્યાં ભરાઇ બેઠા હતા. "

" જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનના જેવી શુદ્ધ અને સરળ રૂપે તેમના સાહિત્યમાં સ્ફુરે છે, ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજકર્તા મુસલમાન વર્ગ એ ઉભયના સંસર્ગથી બાકીનુ વાણિયાઓની નવી ભાષા કેવી રીતે જૂદું ધાવણ ધાવી જોઇશે એ પણ તેમના આ ક્રમભુના ઇતિહાસથી સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા જુદે જુદે રૂપે જણાવા પામી. "

" શતક ૧૫ મું (ઉત્તરાર્ધ). પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત-પ્રાકૃતમાં સાહિત્યને રચવા લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટી એ પણ તે કાળે તીર્થ નહિ તો તીર્થ જેવુંજ આ સાધુઓએ કરેલું જણાય છે. "

Imperial Gazetteer of India ની ૧૯૦૭ ની આવૃત્તિમાં Jainism વિષે નીચે પ્રમાણે લખે છે:—



જૈન કવિઓએ ઘણે ભાગે રાસ, સજ્ઝાય, સ્તવનો લખ્યાં છે. આ-
ધારે સાડા ચારસેં રાસ તો હાથ આવ્યા છે. એથી વિશેષ જે હજી ભંડા-
રમાં પડ્યા હોય ને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તે તો જૂદા. આ બધા
રાસ પડે તેટલાં કાવ્યદોહનનાં પુસ્તકો ભરાય તેનો વિચાર કરવા યોગ્ય
છે. અત્યાર સુધી ગુજરાતી ભાષા જાણનારાઓ એમ માનતા હતા
કે ગુજરાતી ભાષામાં પ્રથમ કવિતા લખનાર નરસિંહ મહેતો એકલાજ
હતા. પરંતુ બને પરિષદ્ના માનવંત પ્રમુખ સાહેબોના ભાષણો ઉપરથી
સર્વેના જાણવામાં આવ્યું હશે કે નરસિંહ મહેતા પહેલાં પણ અમુક સૈકા
સુધીની જૂની ગુજરાતી ભાષા કહી શકાય છે અને તે સૈકાઓમાં બીજા
કવિઓ તથા લેખકો થઈ ગયા છે.

મોટી મહેનતે સમજી શકાય એવી જૈન સાધુની ભાષામાં જૂની જે
કવિતા અત્યારે મળે છે તે મુનિશ્રી વિજયભદ્રની છે. કદાચ વિજય
ભદ્ર એ સહિત અથવા પર્યાયવાચક નામ પણ હોય. વિજયભદ્ર પહેલાંની
કેટલાક સૈકાની ગુજરાતી કવિતાનાં થોડાં ઉદાહરણો શ્રીયુત કેશવલાલ
ભાઈ તરફથી આપવામાં આવ્યાં હતાં. સં. ૧૩૨૭ માં રચાયેલા
"સપ્તક્ષેત્રી રાસ" કે સં. ૧૩૬૭ માં રચાયેલા " પ્રબંધ ચિંતામણિ " ગ્રંથ
કે તેજ અરસામાં રચાયેલા રત્નસિંહસૂરિના "ઉપદેશમાળા" નામે ગ્રંથમાંથી
કંઈ ઉદાહરણો આપી શકાય. અહીં વિજયભદ્ર મુનિથી જૈન રાસોની શરૂ-
આત ગણી વિશેષ ભાગે રાસો વિષે કંઈક કહેવા ઈચ્છું છું. વિજયભદ્ર કે
ઉદયવંત મુનિ નરસિંહ મહેતા પહેલાં આશરે સોએક વર્ષ ઉપર થયા હતા.
નરસિંહ મહેતો જ્યારે સં. ૧૫૦૦ માં હતા એમ કવિ નર્મદાશંકર
કહે છે ત્યારે વિજયભદ્ર મુનિ સં. ૧૪૧૨ માં હતા એમ ગૌતમ-
રાસ કહે છે.

કવિતાઓના જે જે ગ્રંથો છેલ્લાં પાંચ સાત સૈકાઓમાં જૈન કવિ-
ઓએ લખ્યા છે તેમાંના ઘણાખરાને તેમણે " રાસ " નામ આપ્યું છે.
'રાસ' શબ્દ પ્રથમ શ્રીમદ્ ભાગવતમાં જોઈ શકાય છે. રાસમાં જૂદી જૂદી
નીતિની અને ધર્મની વાતો સમજાવવા માટે મહા પુરૂષોનાં ચરિત્રો કથા-
રૂપે આપ્યાં છે; પરંતુ પોતાની કવિતાના ગ્રંથોને રાસ કહેવાનું શું ખાસ
કારણ હશે તે વિચારવા જેવું છે. હાલના પુષ્ટિમાર્ગ વૈષ્ણવ ધર્મમાં 'રાસ'

[illegible] ગોઠવેલ છે. રામ [illegible] પરિચય [illegible] એ [illegible] તો [illegible] આખરે આવેલો [illegible] તો [illegible] છે. ત્યારે જૈન કવિઓએ [illegible] રામ નામ શા વાસ્તે આપ્યું હશે તે [illegible]

જૈન [illegible] [illegible] તેમની [illegible] ફિલ્ડન, [illegible], વગેરે [illegible] નામ આપ્યું [illegible] [illegible] છે. [illegible] ગુજરાતી [illegible]

[illegible]

[illegible]

આવે છે તેમ ઢાળ પૂરી થતાં કેટલાક રાસમાં દોહરા કે સોરઠી દોહરા આવેલા હોય છે.

મંગળાચરણમાં પ્રથમ દરેક રાસમાં જિનેંદ્રદેવની, પછી સરસ્વતી દેવીની તથા ગુરૂની સ્તુતિ કરી કોનો રાસ લખાય છે ને ધર્મનીતિની કઇ બાબતનો મહિમા બતાવવા લખાય છે તે જણાવ્યું હોય છે. ઘણું કરીને દરેક ઢાળમાં છેડે કવિનું નામ આવે છે. રાસ પૂરો થતાં કેટલાક રાસમાં તો તે રાસ કવિએ કઈ સાલમાં કઇ તિથિએ કયે વારે કયા ગામમાં રહી રચ્યો તે તથા કવિના ગુરૂઓનું પેઢીનામું પણ આપવામાં આવ્યું હોય છે.

ગુજરાતમાં મુસલમાની રાજના આરંભનો કાળ તદ્દન અંધાધુંધીનો ને જુલમ ત્રાસનો હતો. એ કાળમાં લોકો સંસ્કૃતાદિ ભાષાઓ ભણે કે ઉંચું તત્વજ્ઞાન મેળવવામાં વખત ગાળે એવી કશી જોગવાઇ કે શાંતિ નહોતી. ધર્મ પુસ્તકો ભંડારામાં ભરી સંતાડી મૂકવામાં આવ્યાં હતાં. એવા વખતમાં સામાન્ય જીવોના હિતને માટે રાસ રચવામાં આવ્યા હોય એમ જણાય છે. અંધાધુંધીના વખતમાં પણ જૈન સાધુઓ જાગ્રત રહ્યા હતા એવું એ રાસો આદિની રચનાથી જણાય છે. એ રાસોમાંના ઘણા મોટા ભાગનું વસ્તુ (plot) મૂળ સંસ્કૃત કાવ્યો કે આગમ સૂત્રો કે એ સૂત્રોની ટીકા ઉપરથી લીધેલું એ તો નિઃસંદેહ લાગે છે. અંધાધુંધીના વખતમાં જૈન લોકોએ જોયું કે સામાન્ય જીવો મૂળ માગધી કે સંસ્કૃતનો અભ્યાસ કરી તે ઉપરથી ધર્મબોધ લઇ શકે તેમ નથી. માટે તેઓ સમજે અને સરળતાથી શીઘ્ર બોધ પામે તો સારૂં. એવી સ્વપર હિતબુદ્ધિએ, ઘરબાર તજી ત્યાગી થયેલા એ સંયમીઓએ સંસ્કૃત કાવ્યો તથા સૂત્ર ટીકાઓની-આખ્યાયિકાઓને રાસ રૂપે દેશ ભાષામાં ઉતારી.

જૈન ઉપાશ્રયોમાં આજે પણ ચોમાસાના દિવસોમાં તેમજ ઉનાળાના લાંબા દિવસોમાં બપોરે ઘણે સ્થળે સાધુ, આર્યા કે શ્રાવકો રાસ લલકારીને વાંચે છે અને શ્રોતાઓ ધ્યાન દઇને સાંભળે છે. સામાન્ય જીવોના લાભ માટે ધર્મનીતિનું શિક્ષણ આપનારા આવા રાસો દેશ ભાષામાં રચનાર સાધુ મુનિઓએ છેલ્લાં પાંચ શતકનો સમય જૈનોનાં શ્રાવકસમૂહ ઉપર બહુ ઉપકાર કર્યો છે.

કવિતા જેવી ચીજ સારા રાગથી ને હલકથી ગવાતાં ઘણાને પ્રિય

અક્ષરનાં બધાં લખાણો સળંગ લીટીમાં ને બાળબોધ જૈન લિપિમાં લખાયેલાં છે. દેવનાગરી કે બાળબોધ અક્ષરો અને જૈન (માગધી) અક્ષ-રોમાંના થોડાક અક્ષરો વચ્ચે કેટલોક તફાવત છે. બાકી અક્ષરોની ૩૪ સંખ્યા તદ્દન મળતી છે. જોડાક્ષરોમાં પણ કોઈ કોઈ સ્થળે તફાવત જ-ણાય છે. તેથી જૈનના રાસ તથા સ્તવનો વગેરે જે લિપિમાં લખાયેલા છે તે લિપિને જૈન લિપિ કહેવી એ વધારે ઠીક લાગે છે.

લોચ, હાં, હો રાજ, લશના, સલુણાં, રેશલ, આ છે લાલ વગેરે પારિભાષિક શબ્દોનો જૈનોએ દેશીમાં જરૂર પડતાં બહુ છૂટથી ઉપયોગ કર્યો છે. રાસો સિવાય જૂદા જૂદા ધાર્મિક ને નૈતિક વિષય ઉપર સઝાય, સ્તવન, લાવણી છંદાદિની રચના પણ જૈનોએ કરી છે. કવિતા તરફ તેમનું વલણ વિશેષ છે. એક વિદ્વાન કહે છે કે "એકલા કાવ્યમાં સાહિત્યનો સમાવેશ થતો નથી છતાં કાવ્ય એ એક સાહિત્યની સુંદર કલા છે. તેનો પ્રદેશ અતિ વિસ્તીર્ણ છે. કવિઓનાં જીવન કવિતામય હોય, કવિતામાં આસક્ત હોય, રસમાં ઓતપ્રોત થયેલાં હોય છે. કવિઓના હૃદયભાવોના ઝરણાંનું વહન સાહિત્યના પ્રદેશને ફળદ્રુપ કરે છે...મધ્યકાળના ગુર્જર કવિઓએ આપણી પ્રજાનાં જીવન રચવામાં તેમજ પ્રારંભ ઘડવામાં કેટલી બધી અસર કરી છે !" કાવ્યના આવા માહાત્મ્યને લીધે જૈન કવિઓએ રાસોને પ્રથમ પસંદગી આપી જણાય છે.

એમ૦ એ૦ ની પરીક્ષામાં "ગુજરાતી" લઈ પાસ થનારા વિદ્વાનોને માટે જે જે ગુજરાતી પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં હતાં તેમાં જૈન કવિ નેમવિજયનો રચેલો " શીલવતીનો રાસ " પણ હતો. તે રાસ યોગ્ય પ્રસ્તાવના સહિત રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાએ પ્રાચીન કાવ્યમાળાના એક અંક તરીકે પ્રસિદ્ધ કર્યો છે. તેવા વિશેષ ગ્રંથો નીકળ્યાં હોત તો અથવા ઐતિહાસિક ગદ્ય ગ્રંથો જે રાસાને નામે ઓળ-ખાય છે તેનો સંગ્રહ કરવામાં ફૉરબસ સાહેબ જેવા ઇતિહાસી યુરોપિયન ગૃહસ્થનો જોગ બની ગયો હતો તેમ જૈન રાસોની પ્રસિદ્ધિમાં તેવો કોઈ જોગ બન્યો હોત તો આજે જૈન સાહિત્ય તરફ ગુજરાતના તથા બીજા દેશના સાક્ષરો કંઈ જુદીજ ખુબીથી જોતા હોત.

" સનાતન જૈન " માસિકમાં જૈનોનાં જૂનાં ગદ્ય લખાણોના

મારવાડ, ખંભાત વગેરે ગામોમાં રહી રાસ રચ્યાનું અમુક અમુક રાસમાં કવિઓ જણાવે છે. બિકાનેર સુધી ગુજરાતી ભાષા તે કાળે સારી રીતે સમજાતી એમ તે ઉપરથી જણાય છે.

મેજર ઉપેંદ્રનાથ બાસુ પોતાના નિબંધમાં જણાવે છે કે "ઉત્તર હિંદમાં બોલાતી ભાષાઓમાં ગુજરાતી જેટલી કોઈ પણ હિંદુસ્તાનની બીજી ભાષા તેટલાજ જુદી જુદી જાતના લોકો તથા જુદો જુદો ધર્મ પાળનારા માણસોમાં બોલાતી નથી......હિંદુ, પારસી, મુસલમાન અને જૈન એ ચાર સંપ્રદાય પાળનારા લોકો ગુજરાતીનો ઉપયોગ કરે છે. માત્ર સંસારી વિષય નહિ પણ તેમનાં ધાર્મિક પુસ્તકો સુદ્ધાં એ ભાષામાં લખાયેલાં છે તેથી જુદા જુદા લોકોને હાથે ગુજરાતી ભાષાની જુદી જુદી રીતની મૂર્તિ ઘડાઇ છે."

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે જૈન ગદ્યપદ્ય તો માત્ર તેમના ધર્મનેજ લગતું હોવાથી તેમના તરફ ભાષાના અભ્યાસીઓનું લક્ષ ખેંચાયું નહિ. મેજર ઉપેંદ્રનાથ બાસુ લખે છે કે "ગુજરાતમાં ઘણા જૈનો વસે છે......એક વખત એવો હતો કે જ્યારે જૈન સંપ્રદાયીઓને સંસ્કૃત ભાષાનું બહુ સારૂં જ્ઞાન હતું. તેમનાં બનાવેલાં સંસ્કૃત પુસ્તકો હજુ સુધી પ્રચલિત છે. તેમાંના ઘણાઓ ગુજરાતીમાં કવિતાઓ બનાવી અમર થઈ ગયા છે. પરંતુ તેમની બધી કવિતા તેમના ધર્મને લગતી હોવાથી તેના નમુના અત્રે આપવાની જરૂર નથી." નમ્રતાપૂર્વક પૂછવાની રજા લઉં છું કે શું નરસિંહ મહેતાની, દયારામની કે ભાલણની કવિતાઓ ધર્મવિષયક નથી! મેજર સાહેબ પોતાના ઉપલા લખાણના વિરોધાભાસ જેવું એક લખાણ તેજ નિબંધમાં આપે છે " ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓએ પોતાની કવિતા રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સબંધી છે. આપણા દેશમાં ધર્મ-ભાવનું પ્રબળ હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે તે બધાને પ્રિય તથા પૂજ્ય થઈ પડે છે. એટલુંજ નહિ પણ તેથી તેઓ અમર થઇ જાય છે." આ લખાણ વાંચ્યા પછી સ્પષ્ટ જણાશે કે ધર્મવિષયે લખાયેલી જૈન કવિઓને કોઈ પણ રીતે ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી બાતલ કરી દરકાર લેખ નથી.

મહાવાડ, ખંભાત વગેરે ગામોમાં રહી રાસ રચ્યાનું અમુક અમુક જૈન કવિઓ જણાવે છે. બિકાનેર સુધી ગુજરાતી ભાષા તે કાળે સારી રી- સમજાતી એમ તે ઉપરથી જણાય છે.

મેજર ઉપેંદ્રનાથ બાસુ પોતાના નિબંધમાં જણાવે છે કે "ઉત્તર હિંદમાં બોલાતી ભાષાઓમાં ગુજરાતી જેટલી કોઈ પણ હિંદુસ્તાનની બીજી ભાષા તેટલાજ જુદી જુદી જાતના લોકો તથા જુદો જુદો ધર્મ પાળનારા માણસોમાં બોલાતી નથી……હિંદુ, પારસી, મુસલમાન અને જૈન એ ચાર સંપ્રદાય પાળનારા લોકો ગુજરાતીનો ઉપયોગ કરે છે. માત્ર સંસારી વિષય નહિ પણ તેમનાં ધાર્મિક પુસ્તકો સુદ્ધાં એ ભાષામાં લખાયેલાં છે તેથી જુદા જુદા લોકોને હાથે ગુજરાતી ભાષાની જુદી જુદી રીતની મૂર્તિ ઘડાય છે."

કેટલાક વિદ્વાનો એમ કહે છે કે જૈન ગદ્યપદ્ય તો માત્ર તેમના ધર્મનેજ લગતું હોવાથી તેમના તરફ ભાષાના અભ્યાસીઓનું લક્ષ ખેંચાયું નહિ. મેજર ઉપેંદ્રનાથ બાસુ લખે છે કે "ગુજરાતમાં ઘણા જૈનો વસે છે……એક વખત એવો હતો કે જ્યારે જૈન સંપ્રદાયીઓને સંસ્કૃત ભાષાનું બહુ સારૂં જ્ઞાન હતું. તેમનાં બનાવેલાં સંસ્કૃત પુસ્તકો હજુ સુધી પ્રચલિત છે. તેમાંના ઘણાઓ ગુજરાતીમાં કવિતાઓ બનાવી અમર થઈ ગયા છે. પરંતુ તેમની બધી કવિતા તેમના ધર્મને લગતી હોવાથી તેના નમુના અત્રે આપવાની જરૂર નથી." હું નમ્રતાપૂર્વક પૂછવાની રજા લઉં છું કે શું નરસિંહ મહેતાની, દયારામની કે ભાલણની કવિતાઓ ધર્મવિષયક નથી ! મેજર સાહેબ પોતાના ઉપલા લખાણના વિરોધાભાસ જેવું એક લખાણ તેજ નિબંધમાં આપે છે " ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી કવિઓ પોતાની કવિતા રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા દેશમાં ધર્મમાર્ગનું પ્રબળ હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે તે બધાને પ્રિય તથા પૂજ્ય થઈ પડે છે. એટલુંજ નહિ પણ તેથી તેઓ અમર થઇ જાય છે." આ લખાણ વાંચ્યા પછી સ્પષ્ટ જણાશે કે ધર્મવિષયે લખાયેલી જૈન કવિતાઓને કોઈ પણ રીતે ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી બાતલ કરી શકાય તેમ નથી.

જિમ એરાવણ સોહે ગજો, જિમ કલ્પાચલ તેજે ઝગો,
તીમ એોપમ સૌભાગ્ય નિધિ.
જિમ માનસ સર નિવસે હંસા, જિમ સુરવર શિરે કલ્પતરુવંસા,
જિમ મહુવર રાજીવ વને;
જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે,
તીમ એોપમ ગુણ કેલિવનિ.
પુનિમ દિન જિમ સસિહર સોહે, સુરતરુ મહિમા જિમ જગમોહે,
પૂરવ દિસિ જિમ સહસકરો;
પંચાનને જિમ ગીરીવર રાજે, નરવઈ ઘરજિમ મયમલ ગાજે,
તીમ જીન સાસન મુનિપવરો.
જિમ સુર તરુવર સોહે સાખા, જમ ઉતમ મુખે મધુરી ભાષા,
જિમ વન કેતુકી મહ મહેમે;
જિમ ભુમિપાત ભુજ બળ ચમકે, જિમ જીણ મંદિર ઘંટે રણકે,
એોપમ લબ્ધી ગહગહેમે.
ચિંતામણિ કરે ચઢિયું આજ, સુરતરુ સારે વંછિત કાજ,
કામ કુંભ સો વસિ હુવો એ;
કામ ગવિ પૂરે મન કામી, એ અષ્ટ મહાસિદ્ધિ આવે ધામી,
સામી એોપમ અણુસરમે.

*　　*　　*　　*

ચઉદ હસય બારોત્તર વરિસે, એોપમ ગણધર કેવળ દિવસે,
કિયો કવિત ઉપગાર કરો:
આદિહી મંગળ એહ ભણીજે, પરવ મહોત્સવ પહિલો દીજે,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો.
ધન માતા જેણે ઉઅરે ધરિયા, ધનપિતા જીણ કુળે અવતરિયા,
ધન સહગુરુ જીણે દીખિયા એ;
વિનયવંત વિદ્યાભંડાર જસુગુણ પુહવી ન લભે પાર,
વડ જિમ સાખા વિસ્તરોએ.

વિક્રમના ૧૫ મા તથા ૧૬ મા સૈકામાં લખાયેલા કેટલાક જૈન
ની રીપ આ નીચે આપી છેઃ—

૧ ક્ષેત્ર પ્રકાશ	સં૦ ૧૪૧૦	આસપાસ	કર્તા જયાનંદસૂરિ.
૨ ભરત બાહુબલિ રાસ			,, ગુણરત્નસૂરિ.
૩ ગૌતમરાસ	સં૦ ૧૪૧૨		,, વિનયપ્રભ(ઉદયવંત)
૪ [illegible] રાસ	સં૦ ૧૪૧૨		,, ,, ,,
૫ ગૌતમ રાસ	સં૦ ૧૪૨૪		,, ,, ,,
૬ શાન્ત રાસ	સં૦ ૧૪૫૦	આસપાસ	,, મુનિસુંદર.
૭ ભરત બાહુબલિ રાસ [illegible]			,, [illegible]વર્ધન.
૮ સુદર્શન શેઠ	૧૫૦૧		,, મુનિસુંદર
૯ ગુણાવલી	૧૫૧૪		,, ગજકુશળ.
૧૦ વજ્રાયુધ	૧૫૧૪		,, મતિશેખર.
૧૧ સિદ્ધચક્ર રાસ	૧૫૨૧		,, જ્ઞાનસાગર.
૧૨ વિક્રમસેનપદ્માવતી	૧૫૨૪		,, મતિવિજય
૧૩ શ્રીપાળ રાસ	૧૫૩૧		,, જ્ઞાનસાગર
૧૪ સિદ્ધાન્ત ચોપાઈ	૧૫૩૦		,, [illegible]
૧૫ કુરગડુ	૧૫૩૭		,, મતિશેખર.
૧૬ મયણરેખા	૧૫૩૭		,,
૧૭ સાર [illegible]	૧૫૪૮		[illegible]શિષ્ય.
૧૮ વસુદેવ	૧૫૫૪		[illegible]
૧૯ શ્રીપાળ	૧૫૫૭		,, લબ્ધિસાગર.
૨૦ [illegible]નો રાસ	૧૫૬૦	આસપાસ	,, લાવણ્યસમય.
૨૧ વજ્રસ્વામી	૧૫૬૩		,, ધર્મદેવગણિ.
૨૨ ઋષિદત્તા	૧૫૬૯		,, દેવકુલસિંહ.
૨૩ ગૌતમ સ્વામીનો રાસ	૧૫૭૦	આસપાસ	,, લાવણ્યસમય.
૨૪ ગૌતમ પૃચ્છા રાસ	,,		,, ,,
૨૫ પ્રદેશી રાજા	૧૫૮૦		,, સહજસુંદર.
૨૬ સુડા સાહેલી	૧૫૮૫		,, ,,
૨૭ ચંદરાજા	૧૫૮૬(?)		,, મોહનવિજય(?)
૨૮ વસ્તુપાળ તેજપાળ	૧૫૯૭		,, પાર્શ્વચંદ્ર.

સં૦ ૧૬૩૮ ની આસો વદ ૬ ના રોજ રચાયેલા શાલિભદ્રના રાસમાંથી થોડી લીટીઓ આ નીચે આપી છે.

સંવત્ ૧૬૩૮ ના આસો વદ ૬ ના રોજ રચાયેલા શાલિભદ્રના રાસની એક જૂની હસ્ત લિખિત પ્રત મારા હાથમાં આવતાં પહેલી તથા છેલ્લી ઢાળ નમુના તરિકે આપું છું. તેમાં વપરાયેલા જે શબ્દો આ જે સમજવા જરા મુશ્કેલ પડે તેવા જણાયા તે નીચે ફુટનોટમાં સમજાવવાનો મેં યથામતિ યત્ન કર્યો છે. લખાણ સઘળું સળંગ લીટીબંધ જૂની ઢબ પ્રમાણેનું હોવા છતાં આજની રીતે લખી મોકલ્યું છે, જો કે તેમ કરતાં છતાં શબ્દોની જોડણીમાં મેં જરાપણ ફેરફાર કર્યો નથી.

આજથી આશરે અઢી હજાર વર્ષપર મગધ દેશમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક નામનો રાજા રાજ કરતો હતો. તે વખતે તે નગરીમાં અત્યંત સમૃદ્ધિવંત શાળિભદ્ર નામે શેઠ વસતો હતો. તેના આગલા જન્મથી માંડીને ઠેઠ તે દીક્ષા લઈ સાધુવ્રત પાળી સ્વર્ગે ગયા ત્યાં સુધીનું વર્ણન આ રાસમાં આપવામાં આવ્યું છે.

જે પ્રત મને મળી છે તે ઉતાર્યાની મિતિ સંવત ૧૭૯૨ ના ભાદરવા વદ ૧૦ની છે એમ તેના છેલ્લા પૃષ્ઠની છેલ્લી લીટીઓ ઉપરથી જણાય છે.

જૂની ગુજરાતી.*

સાસન નાયક [1]સમરિયઇ, વર્દ્ધમાન જિનચંદ;
[2]અલિય વિઘન [3]દૂરઇ [4]હરઇ, [5]આપઇ પરમાણંદ. ૧
સહુો જિનવર સારિખા, [6]પણિ [7]તીરથધણી વિશેષ;
[8]પરણી જાઈ [9]તઇ [10]આઇયઇ, લોક નીતિ [11]સંપેખ. ૨
દાન સીલ તપ ભાવના, [12]શિવપુર [13]મારિગ [14]ચ્યાર;
સરિખા છઇ [15]તઉ પિણ ઇહાં, દાન [16]તણુઉ અધિકાર. ૩

---

* મુનિવર્ગ પાસે જૂની ગુજરાતીનાં ઘણાં લખાણો મળી આવે છે, પરંતુ તે તેઓ પ્રગટ કરતા નથી તેમ બીજાને આપતા પણ નથી. જૂનું પડીમાત્રાનું લખાણ એકદમ સરળતાથી વાંચી પણ શકાતું નથી તથાપિ ભાષાશાસ્ત્રીઓને એ લખાણો ઉપયોગી થાય એવા હેતુથી કેટલાંક પાનાં ઉતારી લીધાં છે. મગધ દેશમાં આશરે અઢી હજાર વર્ષપર થઈ ગયેલા જૈન સાધુ શાલિભદ્ર મુનિની હકીકત આ કવિતારૂપ લઘુ ગ્રંથ (રાસ)માં છે. ૧ સમરીએ ૨ દોષ ૩ દૂરે ૪ હરે ૫ આપે ૬ પણ ૭ તીર્થનાયક એટલે શાસનનાયક શ્રી મહાવીર જીનેશ્વર. ૮-૯-૧૦ જે પરણે તેને આપે ૧૧ સંપેખ-જુઓ. ૧૨ મોક્ષનગર ૧૩ માર્ગ ૧૪ ચાર ૧૫ છે તોપણ ૧૬ તણો.

સાલિભદ્ર નામ સુપદ, [૧૬]સુપાત્ર દાન [૧૭]પસાય;
[૧૮]તાસુ ચરિત [૧૯]રચિસ્યું [illegible], [૨૦]પંડિત દુરિ [૨૧]પલાય. ૪
તાસ [૨૩]પ્રસંગ [illegible] ધર્મ, [૨૪]ધનાની [૨૫]પિણ વાત,
સાવધાન થઈ [૨૬]સાંભળજો મન [૨૭]કરિજ્યો વ્યાઘાત ૫

ઢાલ [૨૮]ચઉપઈની.

મગધદેસ શ્રેણિક [illegible], [illegible] નયર [illegible] [૩૦]ચઉસાલ;
ભાવભેદ [૩૨]નુંથા [illegible] જિનવર [illegible] અપડિત [૩૪]ધરઈ ૧
[illegible]નિતુ નવલી કરતી [illegible] માનની [illegible] [૩૭]ચેલણા,
કોઈ ન લોપઈ જેહની [illegible], [illegible] [૪૦]છઇ [૪૧]અભયકુમાર. ૨

આ જૂની ગુજરાતીના નમુનાઓ મ એટલ માટે આપ્યા છે કે, જૈનકવિઓદ્વારા ગુર્જર કાવ્યની ખીલવણી કેટલે પ્રકારે થવા પામી હતી

જો શ્રીયુત મનસુખભાઈની આ [illegible] ગુર્જર જૈનસાહિત્ય પ્રકટ થતુ રહેશે, તો તેનો લાભ [illegible] મોટો [illegible] ગુર્જરસાહિત્ય સૃષ્ટિ જૈનકૃત આશ્રય પામ્યા વિના નહીં રહે [illegible] સમજાય છે કે શ્રીયુત મનસુખભાઈનો આ પ્રયત્ન જૈન અને જૈનેતર સાહિત્ય સૃષ્ટિમા અવશ્ય સત્કાર પામ્યા વિના નહી રહે અમદાવાદ તા ૨૬-૧૧-૧૯૧૩.

પોપટલાલ કેવળચંદ શાહ.

૧૭ પામે ૧૮ પ્રમાદ [illegible]-દાન [illegible] સુખસંપદા પામે. ૧૯ તેનું ૨૦ વખાણતા. આમા ખા માથે અનુસ્વાર છે તે નહોતા કીધુ છે. મળેલી પ્રત મુજબ લખ્યુ છે મળેલા પ્રતમાં સળગ લખાણ છે પણ શબ્દો તથા કવિતાનાં ચરણો છુટાં પાડીને લખવાનું મને યોગ્ય લાગ્યાથી મેં તેમ કર્યું છે. ૨૧ પાપ ૨૨ જાય ૨૩ તે પ્રસગે ૨૪ ધનો એ શાલિભદ્ર શેઠનો બનેવી થતો હતો. તે બનેએ સસાર સાથે છોડી જૈન સાધુની દીક્ષા લીધી હતી. ૨૫ પણ ૨૬ સાંભળો ૨૭ કરશો નહિ. ૨૮ ચોપાઈ ૨૯ પોતે ૩૦ કરે ૩૧ સારી રીતે ૩૨ શુદ્ધ–સારાં ૩૩ શ્રદ્ધા રાખે ૩૪ ધારણ કરે ૩૫ નિત્ય ૩૬ રમત ૩૭ શ્રેણિકની માનીતી રાણીનું નામ ચેલણા હતું. ૩૮ આધાર ૩૯ મંત્રીશ્વર ૪૦ છે ૪૧ અભયકુમાર તે શ્રેણિકનો પુત્ર હોઈ પ્રધાન પણ હતો.

દેવચંદ્ર.

૧. જન્મ, દીક્ષા આદિ સંબંધી વિગતોનો અભાવ.

ઉક્ત મહાત્મા ક્યાં, ક્યારે જન્મ્યા, માત પિતા કોણ હતા તથા દીક્ષા ક્યારે લીધી હતી, સમાધિસ્થ ક્યારે થયા, તે સંબંધી બીલકુલ વિગતો મળતી નથી. તેઓ અધ્યાત્મરસિક અને મહાન્ અદ્ભુત જ્ઞાનશાળી હતા તે વિષે બીલકુલ સંદેહ નથી તેની ખાત્રી તેમની વિદ્યમાન કૃતિઓ છે કે જે દરેકનું સૂક્ષ્મ પરિશીલન કરવાથી તુરતજ જણાઈ આવે છે.

૨. ગચ્છ અને ગુરૂપરંપરા.

તેઓ ખરતરગચ્છને વિભૂષિત કરતા હતા. તેમની ગુરૂપરંપરા નીચે પ્રમાણે છે.

કોટિક—ખરતરગચ્છ*જિનચંદસૂરિ.
|
પુણ્યપ્રધાનોપાધ્યાય
|
સુમતિસાગરોપાધ્યાય
|
સાધુરંગ
|
રાજસાગરવાચક
|
જ્ઞાનધર્મપાઠક
|
દીપચંદપાઠક
|
દેવચંદજી

૩ સમયનિર્ણય.

ક્યારે દીક્ષા લીધી, ક્યારે સમાધિસ્થ થયા વગેરે હકીકત હમણાં જે જે સાધનો ઉપલબ્ધ છે તેપરથી બીલકુલ મળી શકતી નથી એ મને છે તે પરથી એટલુંજ કહી શકાય કે અમુક સમયમાં વિદ્યમાન હતા.

---

*ખરતરગચ્છના ૬૧ મી પાટે આવેલા છે કે ૬૫ મી પાટે આવેલા આચાર્ય જિનચંદ્ર તે તપાસવાનું રહેછ.

પણ શ્રીમદ્ દેવચંદ્રે સ્વોપજ્ઞ રચેલ છે એમ કહેવાય છે. આ સ્વર્ગસ્થ શેઠ ભીમસી માણેકે છપાવેલ છે. તેમાં નય, નિક્ષેપ આદિ અનેક સૂક્ષ્મ બાબતો દરેક સ્તવનમાં બતાવેલ છે, તેથી તત્ત્વના ગ્રાહક દરેક જૈને તે વાચવાનીસાથે બહુ મનન કરવા યોગ્ય છે

અતીત જિન સ્તવન ચોવીશી —આ ચોવીશ સ્તવનો પણ તત્ત્વના રહસ્યથી ભર્યા છે અને વિશેષ બારીકાઈથી મનન કરી શકાય. તેને માટે તેના અર્થ કરી ર. મનસુખલાલ દરિશાને પોતાના 'સુમતિ પ્રકાશ' નામના હમણાંજ બહાર પાડેલા ગ્રંથમાં પ્રકટ કરેલ છે.

વીશ વિહરમાન જિન સ્તવન —શ્રી સીમંધર આદિ મહાવિદેહાદિ ક્ષેત્રમાં વિચરતા વીશજિન ભગવંતોપર વીશ સ્તવન કરેલ છે, આ પણ અર્થ સાથે ઉક્ત ગ્રંથમાં બહાર પડવાના છે.

ધ્યાનમાળા —આમાં ધ્યાનનો વિષય તેના પ્રકાર સાથે સારી રીતે ચર્ચ્યો છે

સ્નાત્ર પૂજા આ હાલ પ્રચલિત છે, અને પ્રભુનું સ્નાત્ર કરવામાં જે ઉચ્ચભાવના પ્રકટ થવી જોઈએ તે દ્રવ્ય અને ભાવથી આમાં જણાવેલ છે

નવપદ પૂજા - આ હાલ હમણાં જે સ્વરૂપમાં છે તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં તેમાં ત્રણની કૃતિઓનું સંમિશ્રણ છે. ૧ શ્રીમદ્ યશો વિજયજી ૨. શ્રી જ્ઞાન વિમલસૂરિ ૩, શ્રી દેવચંદ્રજી પ્રથમના બે સમકાલીન હતા એ નિર્વિવાદ છે, શ્રી દેવચંદ્રજી તે વખતે હતા કે નહિ તે તેમનું ચરિત્ર યોગ્ય ઉપલબ્ધ થતું ન હોવાથી કહી શકાતું નથી

ક્ષુદ્રક સ્તવન સજ્ઝાય – ઘણાં હશે પણ હાલમાં ત્રણ ઉપલબ્ધ છે, ૧ શ્રી વીરપ્રભુનું દિવાળીનું સ્તવન તેમાં વીરવિરહ બહુ કરૂણાર્દ્ર રીતે વર્ણવેલ છે. ૨ 'સમકિત નવિ લહ્યુંરે'-એ સજ્ઝાય છે તેમાં પ્રથમ સમકિત અને પછી ક્રિયા એમ પ્રતિપાદન કરેલ છે. ૩ 'આજતો લાહો લીજીએ, કાલ કોણે રે દીઠી ' એ નામની વૈરાગ્યોત્પાદક સજ્ઝાય છે.

આવી રીતે જે કૃતિઓ ઉપલબ્ધ થઈ શકી છે તે અહીં રેખારૂપે નોંધેલ છે, બીજું જે કંઈ હોય તો તે તુરત પ્રકટ થવાની જરૂર છે.

૫ કવિ અને જ્ઞાની.

ઉપરની દર્શાવેલી સર્વ કૃતિઓ વિચારતાં જે છાપ હૃદયને પડે છે, તે એ છે કે તેઓશ્રી શુદ્ધ અંતરાત્માના સ્વરૂપે હતા. જે જે વાણીરૂપે હૃદયનો આવિર્ભાવ નીકળેલો જોઈએ છીએ, તે વિચારતાં સ્પષ્ટ જણાય છે કે તેઓશ્રી અદ્‌ભુત, વિર, અધ્યાત્મજ્ઞાની હતા. પોતાના સમયમાં ગચ્છભેદ, ગચ્છના ઝઘડા ઘણા હતા તે તેમના ચંદ્રાનન જિનના સ્તવનમાં આબેહુબ જણાવે છે, જ્યાં તે પર પોતાને કરૂણા આવતાં પોતાને શુદ્ધ સ્વરૂપના શોધકને કયો માર્ગ ઈષ્ટ છે તેના ઉત્તરમાં તટસ્થતા, અકષંતા, શુદ્ધ આત્મધર્મમાં રમણતા એ માર્ગ સ્વીકાર્યો છે. જ્ઞાનની ઉત્તમ દ્રષ્ટિ તો દરેક સ્થલે જાજ્વલ્યમાનજ રહે છે. પોતાના સમયની સ્થિતિ અને પોતાની આંતરિક ભાવસ્થિતિ તો તેમના કાવ્યના રહસ્યને ખોજનારને તુરતજ માલૂમ પડી આવે છે, અને તેપર લખવા ધારે તો ઘણું જણાવી શકે તેમ છે.

૬ તેમના ગુરૂ શ્રી દીપચંદ્ર.

ગુરૂ પ્રત્યે ચરિત્રનાયક બહુ પ્રેમ, ભક્તિ, બહુમાન, આજ્ઞાધારકતા રાખતા, અને તેમની સાથે રહી પોતે ઘણે સ્થલે વિહાર કરેલ છે, અને ગુરૂએ સંવત્ ૧૭૮૮ માં શત્રુંજય પર શ્રી કુંથુનાથ ભગવાનની પ્રતિષ્ઠા અને સમેતસરણની પ્રતિષ્ઠા કરી છે. તેમજ અમદાવાદમાં સહસ્રકૂટની પ્રતિષ્ઠા કરી છે. શ્રી દેવચંદ્રજીએ પોતે સંવત ૧૭૯૪ માં શત્રુંજયપર પ્રતિષ્ઠા કરી છે એવું શિલાલેખ પરથી જણાય છે.

૭ વિહાર.

શ્રી દેવચંદ્રજી પોતાના ગુરૂ શ્રી દીપચંદ્ર પાઠક સાથે શત્રુંજય, અમદાવાદ, ઘણે સ્થલે વિહાર કરેલ છે; તેમની કૃતિઓપરથી જણાય છે કે જેસલમીર, મોટા કોટા, અમદાવાદ, નવાનગર, પાલીતાણું, લીંબડી ભાવનગર વગેરે વગેરે સ્થલે ચોમાસાં તથા વિહાર કરેલ છે. તેમાં પણ લીંબડી એક શાંતિસ્થાન પોતાનું હોય નહિ તેમ ત્યાં ઘણા વર્ષો સુધી રહી ચોમાસાં કરી શાંતિના ફલરૂપે પોતાની કૃતિઓ કરી છે. લીંબડીમાં

રાયચંદ્રજૈનકાવ્યમાલા.

ગુચ્છક ૨ જો.

પંડિત શ્રી દેવચંદ્રજી.

પંડિત શ્રી દેવચંદ્રજી ખરતર ગચ્છને વિષે [illegible] ના લગભગમાં થયા છે
તેઓના ગુરૂનું નામ દીપચંદ્ર હતું

ચતુર્વિંશતિ.

સ્તવન ૧ લું.

(નિંદરડી વેરણ હુઈ રહી — એ દેશી)

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર.
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર. ઋષભ૦ ૧
કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન.
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોઈનું વ્યવધાન. ઋષભ૦ ૨
પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ.
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો તે લોકોત્તર માર્ગ. ઋષભ૦ ૩
પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ.
કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ. ઋષભ૦ ૪
પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો તે જોડે એહ.
પરમ પુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ. ઋષભ૦ ૫
પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ.
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ. ઋષભ૦ ૬



[illegible]

સ્તવન ૪ થું.

[illegible]

તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત. કયું૦ ૭.
સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત;
રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણ વૃંદ હો મિત. કયું૦ ૮.
અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત.
દેવચંદ્ર પ્રભુ સેવના, કરિ અનુભવ અભ્યાસ હો મિત. કયું૦ ૯.

સ્તવના ૫ મી.

(દેશી કડખાની)

અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામ રામી;
નિત્યતા એકતા અસ્તિતા ઇતરયુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી. અહો૦ ૧.
ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી;
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે, લોક પ્રદેશ મિત પણ અખંડી. અહો૦ ૨.
કાર્ય કારણપણે પરિણમે તહવિ ધ્રુવ, કાર્ય ભેદે કરે પણ અભેદી;
કર્તૃતા પરિણમે નવ્યતા નવિ રમે, સકલવેત્તા થકો પણ અવેદી. અહો૦ ૩.
શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા, સહજ નિજ ભાવ ભોગી અયોગી;
સ્વપર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી, શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી. અહો૦ ૪.
વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકા, એટલે કોઇ પ્રભુતા ન પામે;
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્વ સ્વામિત્વ શુચિ તત્વ ધામે. અહો૦ ૫.
જીવ નવિ પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહીં તાસ રંગી;
પરતણો ઇશ નહી અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે કદા ન પરસંગી. અહો૦ ૬.
સંગ્રહે નહીં આપે નહી પરભણી, નવિ કરે આદરે નપર રાખે;
શુદ્ધ સ્યાદ્વાદ નિજ ભાવ ભોગીજિકે, તેહ પરભાવને કેમ ચાખે. અહો૦ ૭.
તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તેણે તત્વ ઇહે;
તત્વરંગી થયો દોષથી ઉભગ્યો, દોષ ત્યાગે ઢલે તત્વ લીહે. અહો૦ ૮.
શુદ્ધમાર્ગે વધ્યાસાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે;
આત્મ નિષ્પત્તિ તિમ સાધના નવિ ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે. અહો૦ ૯.
માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો, તત્વ ભક્તે ભવિક સકલ રાચો. અહો૦ ૧૦.

સ્તવના ૬ ઠી.

(હું તુજ આગળ શી કહું કેસરીયાલાલ —એ દેશી.)

શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે લાલ, જગતારક જગદીશ રે વાલ્હેસર;
જિન ઉપગાર થકી લહે રે લાલ, ભવિજન સિદ્ધિ જગીશ રે. વાલ્હેસર. તુજ૦ ૧.
તુજ દરિસણ મુજ વાલહું રે લાલ, દરિસણ શુદ્ધ પવિત્ત રે: વાલ્હેસર;
દર્શન શબ્દ નયે કરે રે લાલ. સંગ્રહ એવંભૂત રે. વાલ્હેસર. તુજ૦ ૨.
બીજે વૃક્ષ અનંતતા રે લાલ. સરખે ભૂજલ યોગ રે: વાલ્હેસર;
તિમ મુજ આતમ સંપદા રે લાલ. પ્રગટે પ્રભુ સંયોગ રે. વાલ્હેસર. તુજ૦ ૩.
જગત જંતુ કારજ રુચી રે લાલ, સાધે ઉદયે ભાણ રે: વાલ્હેસર;
ચિદાનંદ સુવિલાસતા રે લાલ. વાધે જિનવર ઝાણ રે વાલ્હેસર. તુજ૦ ૪.
લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ. ઉપજે સાધક સંગ રે: વાલ્હેસર;
સહજ અધ્યાતમ તત્વતા રે લાલ. પ્રગટે તત્વી રંગ રે. વાલ્હેસર. તુજ૦ ૫.
લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસ ફરસન પામી રે: વાલ્હેસર.
પ્રગટે અધ્યાતમ દશા રે લાલ, વ્યક્ત ગુણી ગુણ ગ્રામ રે. વાલ્હેસર. તુજ૦ ૬.
આતમ સિદ્ધિ કારજ ભણી રે લાલ. સહજ નિયામક હેતુ રે: વાલ્હેસર;
નામાદિક જિનરાજનાં રે લાલ. ભવસાગર માંહે સેતુ રે વાલ્હેસર. તુજ૦ ૭.
સ્થંભન ઇંદ્રિય યોગનો રે લાલ. રક્ત વરણ ગુણ રાય રે. વાલ્હેસર;
દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ. આપ અવર્ણ અકાય રે વાલ્હેસર. તુજ૦ ૮.

સ્તવના ૭ મી.

(હો સુસ્તેવ મરિયો. જલ ને નદી એ દેશી.)

શ્રી સુપાસ આણંદમેં, ગુણ અનંતનો કંદ હો: જિનજી૦
જ્ઞાનાનંદે પૂરણો. પવિત્ર ચારિત્રાનંદ હો. જિનજી૦ શ્રીસુપાસ૦ ૧.
સંરક્ષણ વિણ નાથ છો. દ્રવ્ય વિના ધનવંત હો: જિનજી૦
કર્તા પદ કિરિયા વિના, સંત અજેય અનંત હો. જિનજી૦ શ્રીસુપાસ૦ ૨.
અગમ અગોચર અમર તું અન્વય ઋદ્ધિ સમૂહ હો: જિનજી૦
વર્ણ ગંધ રસ ફરસ વિણ નિજ ભોક્તા ગુણ વ્યૂહ હો. જિનજી૦ શ્રીસુપાસ૦ ૩.
અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો: જિનજી૦
વીર્ય શક્તિ અપ્રયાસતા.શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો. જિનજી૦ શ્રીસુપાસ૦ ૪.

કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવો. શ્રીચંદ્રપ્રભ૦ ૧૦
ભાવ ગુણી સેવક તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવો:
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવો. શ્રીચંદ્રપ્રભ૦ ૧૧

સ્તવના ૯ મી.

(થારા મહેલાં ઉપર મેહ, ઝરૂખે વીજળી હો લાલ —એ દેશી.)

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ.
ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ. અનાદિનો૦
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ. થકી૦
સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભણી૦ ૧
તુમ પ્રભુ જાણગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ. સરવ૦
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ. સહુને૦
પર પરિણતિ અદ્વેષ, પણે ઉવેખતા હો લાલ. પણે૦
ભોગ્યપણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ. અનંત૦ ૨
દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ. હતા૦
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ. ગ્રહી૦
પ્રભુનો અદ્ભુત યોગ, સ્વરૂપ તણી રસા હો લાલ. સ્વરૂપ૦
ભાસે વાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જાસ૦ ૩
મોહાદિકની ઘૂમિ, અનાદિની ઉતરે હો લાલ. અનાદિની૦
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવજ સાંભરે હો લાલ. સ્વભાવજ૦
તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ. ભણી૦
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ. સ્વામી૦ ૪
પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો હો લાલ. દાસ૦
કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ. અછે૦
આતમવસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ. સદા૦
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચરણ૦ ૫
પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ. પ્રભુ૦
દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ. સ્વસંપત્તિ૦
ઓળખતાં બહુ માન, સહિત રુચિ પણ વધે હો લાલ. સહિત૦
રુચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે હો લાલ. ચરણ૦ ૬

સ્તવના. ૧૧ મી.

(પ્રાણી વાણી જિનતણી.-એ દેશી.)

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્ભુત સહજાનંદ રે;
ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો, એમ ગુણ અનંતનો વૃંદ રે;
મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે, નિત્ય દીપતો સુખકંદ રે. એ આંકણી. ૧.
નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;
દેખે નિજ દર્શન કરી, નિજ દૃશ્ય સામાન્ય જગીશ રે. મુનિચંદ૦ ૨.
નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;
ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામ રે. મુનિચંદ૦ ૩.
દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;
પાત્ર તુમ્હેં નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે. મુનિચંદ૦ ૪.
પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે,
અક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથ રે. મુનિચંદ૦ ૫.
પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસ રે,
સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસ રે. મુનિચંદ૦ ૬.
પ્રભુ પ્રભુતા સંભારતાં, ગાતા કરતાં ગુણગ્રામ રે,
સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણતિ પામ રે. મુનિચંદ૦ ૭.
પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાય રે,
તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે. મુનિચંદ૦ ૮.
પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદ રે.
દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદ રે. મુનિચંદ૦ ૯.

સ્તવન ૧૨ મી.

(પંથડો નિહાળું રે બીજા જિન તણો રે.-એ દેશી.)

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પરકૃત પૂજા રે જે ઇચ્છે નહીં રે, સાધક કારજ દાવ. પૂજના૦ ૧.
દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્તને શુદ્ધ;
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. પૂજના૦ ૨.
અતિશય મહિમા રે અતિ ઉપકારતા રે, નિર્મલ પ્રભુ ગુણ રાગ;

નમિત સુરવર વૃંદ તું છજે રે, જિત રાગી મહાભાગ. પૂજના
દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;
શુદ્ધ સ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. પૂજના
શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતના રે, પામે આત્મસ્વભાવ;
આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પ્રગટે પૂજ્યસ્વભાવ. પૂજના
આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;
નિજ ધન ન દીયે પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂજના
જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ પદ વ્યક્તિ. પૂજના

સ્તવના ૧૩ મી.

(નમ અરદાસ શી પેરે કરેજી.—એ દેશી.)

વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;
લઘુ નદી જિમ તિમ લંઘીએજી, સ્વયંભુરમણ ન તરાય. વિમલજિન૦
સયલ પૃથવી ગિરિ જલ તરુજી, કોઇ તોલે એક હથ્થ;
તેહ પ્રભુ તુજ ગુણ ગણ ભણીજી, ભાખવા નહિ સમરથ, વિમલજિન૦
સર્વ પુદ્ગલ નભ ધર્મનાજી. તેમ અધર્મ પ્રદેશ;
તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી. તુજ ગુણ એકતણો લેશ. વિમલજિન૦
એમ નિજ ભાવ અનંતનાજી, અસ્તિતા કેટલી થાય;
નાસ્તિતા સ્વપર પદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. વિમલજિન૦
તાહરા શુદ્ધ સ્વભાવનેજી આદરે ધરી બહુ માન;
તેહને તેહિજ નીપજેજી, એ કોઇ અદ્ભુત તાન. વિમલજિન૦
તુમ્હ પ્રભુ તુમ્હ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય;
તુમ દરિશણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. વિમલજિન૦
પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ,
દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. વિમલજિન૦

સ્તવના ૧૪ મી.

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ.-એ દેશી.)

મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત જિણંદ, તાહરી હો પ્રભુ તાહરી મુજ નયણે વસીજી

સમતા હો પ્રભુ સમતા રસનો કંદ, સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસ લસીજી. ૧
ભવદવ હો પ્રભુ ભવદવ તાપિત જીવ, તેહને હો પ્રભુ તેહને અમૃત ઘન સમીજી.
મિથ્યા વિષ હો પ્રભુ મિથ્યા વિષની ખીવ, હરવા હો પ્રભુ હરવા જાંગુલિ મન રમીજી. ૨
ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ, આતમ હો પ્રભુ આતમ સંપત્તિ આપવાજી.
એહિજ હો પ્રભુ એહિજ શિવસુખ ગેહ, તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવાજી. ૩
જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલ, દીઠે હો પ્રભુ દીઠે સંવરતા વધેજી.
રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાલ, અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી. ૪
મીઠી હો પ્રભુ મીઠી સૂરત તુજ, દીઠી હો પ્રભુ દીઠી રુચિ બહુ માનથીજી.
તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત, સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી. ૫
નામે હો પ્રભુ નામે અદ્ભુત રંગ, ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી.
ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ અભંગ, તન્મય હો પ્રભુ તન્મયતાએ જે ધસેજી. ૬
ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ, નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી.
દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આનંદ, પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી. ૭

સ્તવના ૧૫ મી.

(સાહેબ સાંભળ અવધાર મેં હું અરજ – એ દેશી)

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે, આપણો આતમા તેહવો ભાવિયે.
જાતિ જસુ એકતા તેહ પલટે નહીં, શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ૧
નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે, સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે.
તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યક્તિભેદે પડે તેહની ભેદતા. ૨
એકતા પિંડને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્ય ગત ભેદતા.
ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા. ૩
ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્ય પર નાસ્તિતા.
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા, વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા. ૪
ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા.
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા. ૫
સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું.
જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો, પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ૬
તહવિ સત્તા ગુણે જીવ એ નિર્મળો, અન્ય સંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામળો.
જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહીં. ૭

નિર્મલ ગુણ મુખ વાણી રે, જે ધરમે સુજાણ;
તેહિજ શુદ્ધ માંહે ખાણી રે, કુંથુજિનેસર. એ આંકણી

ગુણ પર્યાય અનંતતા રે, વળી સ્વભાવ અગાહ;
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહ રે. કુંથુજિનેસર૦ ૨.

કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ;
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધ રે. કુંથુજિનેસર૦ ૩.

વસ્તુ અનંત સ્વભાવછે રે, અનંત કથક તસુ નામ;
ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામ રે. કુંથુજિનેસર૦ ૪.

શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ;
ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે. કુંથુજિનેસર૦ ૫.

છતિ પરિણતિ ગુણ વર્તના રે, ભાસન ભોગ આણંદ;
સમકાલે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણ વૃંદ રે. કુંથુજિનેસર૦ ૬.

નિજ ભાવે સીય અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે. કુંથુજિનેસર૦ ૭.

અસ્તિસ્વભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેત રે. કુંથુજિનેસર૦ ૮.

અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;
દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે. કુંથુજિનેસર૦ ૯.

સ્તવન ૧૮ મી.

(રાગ ડોલાવે, ચાંપેલીની દેશી એ દેશી)

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરો રી;
ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરો રી. ૧

કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહે રી;
કારણ ચાર અનૂપ, કાર્યથી તેહ ગ્રહે રી. ૨

જે કારણ તે કાજ, થાય પૂરણ પદે રી;
ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદે રી. ૩

ઉપાદાનથી ભિન્ન જે વિણ કાર્ય ન થાય;
ન હુવે કારજ રૂપ, કર્તાને વ્યવસાય. ૪

કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;

કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ૫.
વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;
તે અસાધારણ હેતુ, કુંભસ્થાસ લહેરી. ૬.
જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી;
ભૂમિકાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી. ૭.
એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી. ૮.
કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિ પણોરી;
નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી. ૯.
યોગસમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી;
વિધિ આચરણા ભક્તિ, જેણે નિજ કાર્ય સધેરી. ૧૦
નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;
નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો. ૧૧
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી;
પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી. ૧૨
પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હલિયે,
રીઝ ભક્તિ બહુ માન, ભોગ ધ્યાનથી મલિયે ૧૩
મોહોટાને ઉત્સંગ, બેઠાને શી ચિંતા,
તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા. ૧૪
અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી,
દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી. ૧૫

સ્તવન ૧૯ મી.

(દેખી કામની દોય - એ દેશી)

મલ્લિનાથ જગનાથ, ચરણ યુગ ધ્યાઇયે રે ચરણ૦
શુદ્ધાતમ પ્રાગભાવ, પરમ પદ પાઇયે રે પરમ૦
સાધક કારક ષટક, કરે ગુણ સાધના રે કરે૦
તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાએ નિરાબાધના રે થાએ૦
કર્તા આતમ દ્રવ્ય, કારજ નિજ સિદ્ધતા રે કારજ૦
ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે પ્રયુક્ત૦

આતમ અભેદ ધ્યાન. ભેદ અભેદતા રે ભેદ૦
જ્ઞાતા ધ્યાતા ધ્યેય. ત્રિભાગ અભેદતા રે ત્રિભાગ૦ ૭.
અપર વિશેષણ રૂપ. ભેદ અપાદાનથી રે ભેદ૦
સકલ પર્યાય અભેદ. સંબંધ ... ધ્યાનથી રે સમ્યક૦
ગ્રાહક રૂપે ભાવ. અનાદિ નિરાવર્ણ રે અનાદિ૦
અધિકરણ આતમભાવ. ભેદ અભાવતા રે ભેદ૦ ૮.
ગુણપર્યાય પર્યાય દર્શન કારણે રે દર્શન૦
સમકિત પરિણામ. તે આતમ ધર્મને રે ભેદ૦
ચેતન ચેતન ભાવ કરે સમ ચેતને રે કરે૦
આદિ અનંતો કાલ રહે નિજ ખેતમેં રે રહે૦ ૯
પરકર્તૃત્વ ભાવ કરે તો ઘણી ઠરે રે [illegible]
શુદ્ધ કાર્ય રુચિ ભાસ. થયે નવિ આદરે રે થયે૦
શુદ્ધાતમ નિજ કાર્ય રુચિકારક ફિરે રે રુચિ૦
તેહિજ મૂલ સ્વભાવ ગ્રહે નિજ પદ વરે રે ગ્રહે૦ ૧૦
કારણ કારજ રૂપ. અછે કારક દશા રે અછે૦
વસ્તુ પ્રગટ પર્યાય. એહ મનમેં વસ્યા રે એહ૦
પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન તે ચેતનતા ગ્રહે રે તે૦
તવ નિજ સાધક ભાવ. સકલ કારક લહે રે સકલ૦ ૧૧
માહરૂં પૂર્ણાનંદ પ્રગટ કરતા થકી રે પ્રગટ૦
પુદ્ગલ જ્ઞાન રૂપ મેર પ્રગટ તણી રે મેર૦
દેવચંદ્ર જિનચંદ્ર. ભક્તિ મનમેં ધરો રે ભક્તિ૦
અવ્યાબાધ અનંત અક્ષય પદ આદરો રે અક્ષય૦ ૧૨.

સ્તવના ૨૦ મી.

(ઓલગડી ઓલગડી સુહેલી હો શ્રી શ્રેયાંસની રે—એ દેશી)

ઓલગડી ઓલગડી તો કીજે શ્રી મુનિસુવ્રત સ્વામીની રે, જેહથી નિજ પદ સિદ્ધિ.
કેવલ કેવલ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીએ સહજ સમૃદ્ધિ. ઓલગડી૦ ૧
ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે, પણ કારણ નિમિત્ત આધીન.
પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદિશ્યો રે, ગ્રાહક વિધિ આધીન. ઓલગડી૦ ૨
સાધ્ય સાધ્ય ધર્મ જે માંહે હોવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ

સમકિતદ્રષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે તિહાં૦
દેખી અદ્ભુત રૂપ, પરમ જિનવર તણું રે પરમ૦
પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહી રે તે૦
ધરમ રૂચિ ચિત્તભૂમિ, માંહે નિશ્ચલ રહી રે માંહે૦ ૪.
ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે કરે૦
અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે સકલ૦
અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે તૃણ૦
વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે તે૦ ૫.
પંચ મહાવ્રત ધાન્ય, તણા કર્ષણ વધ્યાં રે તણા૦
સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાં રે સાધન૦
ક્ષાયિક દરિસણ જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યા રે ચરણ૦
આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યા રે આતમ૦ ૬.
પ્રભુ દરિસણ મહામેહ, તણે પરવેશમેં રે તણે૦
પરમાનંદ સુભિક્ષ, થયા મુઝ દેશમેં રે થયા૦
દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરો રે તણો૦
સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરો રે આતમ૦ ૭.

સ્તવન ૨૨ મી.

(પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા—એ દેશી)

નેમિ જિનેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવો જી.
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવો જી. નેમિ૦ ૧
રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતો જી.
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતો જી. નેમિ૦ ૨.
ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યો જી.
પુદ્ગલ ગ્રહવે રે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યો જી. નેમિ૦ ૩.
રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારો જી.
નીરાગીથી રે રાગનું જોડવું, લહીયે ભવનો પારો જી. નેમિ૦ ૪.
અપ્રશસ્તતા રે ટાળી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસે જી.
સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશે જી. નેમિ૦ ૫.



કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવ ભ્રમણની ભીડ ભેદી. અહો૦ ૬.
નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા, રમણ પરિણામથી,
સિદ્ધિ સાધક પણો આજ સાધ્યો. અહો૦ ૭.
આજ કૃત પુણ્ય, ધન્ય દહ માહરો થયો,
આજ નર જન્મ મેં સફલ ભાવ્યો;
દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદિયો,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. અહો૦ ૮.

સ્તવના ૨૪ મી.

(કડખાની—દેશી.)

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે. તાર૦ ૧.
રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો, લોકની રીતિમાં ઘણુંએ રાતો;
ક્રોધવશ ધમધમ્યો. શુદ્ધ ગુણ નવિ રમ્યો. ભમ્યો ભવમાંહિ હું વિષય માતો. તાર૦ ૨.
આદર્યું આચરણ, લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબ વિનુ, તેહવો કાર્ય તિણે કો ન સીધો. તાર૦ ૩
સ્વામી દરિસણ સમો નિમિત્ત લહી નિર્મલો, જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અથવા ઉદ્યમ તણો, સ્વામી સેવા સહી નિકટ લાશે. તાર૦ ૪.
સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. તાર૦ ૫.
જગતવત્સલ, મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી, બિરુદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો. તાર૦ ૬.
વિનતિ માનજો, શક્તિ એ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે,
સાધિ સાધકદશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તાર૦ ૭

કળશ.

ચોવીશે જિનગુણ ગાઈએ, ધ્યાઈએ તત્ત્વસ્વરૂપો જી;
પરમાનંદ પદ પામીએ, અક્ષય જ્ઞાન અનંતો જી. ચોવીશે૦ ૧.

[illegible] પાવન ભલા, ગણધર ગુણ ભંડારો જી;
સમતાસિંધુ સાધુ સાધ્વી, સાવય સાવઇ સારો જી. ચોવિસિ૦ ૨.
વર્દ્ધમાન જિનવર તણો શાસન અતિ સુખકારો જી;
[illegible] સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારો જી. ચોવિસિ૦ ૩.
જિન સેવનથી જ્ઞાનતા લહે હિતાહિત બોધો જી;
[illegible] હિત આદરે, સંયમ તપનો શોધો જી. ચોવિસિ૦ ૪.
અભિનવ કર્મ અગ્રહણતા જીર્ણ કર્મ અભાવો જી.
[illegible] અબાધતા અવેદન અનાકુલ ભાવો જી. ચોવિસિ૦ ૫.
ભાવ રોગના વિગમથી અચલ અક્ષય નિરાબાધો જી;
[illegible] લહી, વિલસે સિદ્ધ સમાધો જી. ચોવિસિ૦ ૬.
[illegible] સેવના, પ્રગટે પુન્ય પ્રધાનો જી;
સુમતિસાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનો જી. ચોવિસિ૦ ૭.
[illegible], રાજ સાગર ઉવઝાયો જી;
જ્ઞાન ધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખદાયો જી. ચોવિસિ૦ ૮.
દીપચંદ પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજેન જી;
દેવચંદ્ર પદ સેવતાં, પુર્ણાનંદ સમાજેન જી. ચોવિસિ૦ ૯.

ઇતિ શ્રી દેવચંદ્રજી કૃત ચતુર્વિંશતિ સમાપ્ત.



શ્રીમાન્ વીરવિજયજી.

શ્રીમાન્ વીરવિજયજી આ લેખના પ્રારંભની શરૂઆતમાં વિદ્યમાન હતા. તેઓ તપગચ્છમાં થયા છે. તેઓના ગુરૂજીનું નામ શ્રીમાન્ શુભવિજયજી હતું.

ધમ્મિલ કુમાર.

દ્રુતવિલંબિતવૃત્તમ્.

सकलशास्त्रमहोदधिपारगं, समरसैकसुधारससागरं।
सुखकरं शुभविजयनामकं, मनसि मंत्र मिमं भजताम्पदम्. १.
कमलभूतनयामभिनम्य तां, कविजनेष्टमनोरथदायिनीं,
गमिक प्राकृतबंध कथामिमां, विरचयामि धनोदयहेतवे. २.

દોહરા.

શ્રી શંખેશ્વર પાસજી, જે જગમાં વિખ્યાત,
અમરી ભમરી પસરી, સુરી પદ્માવતી માત. ૧.
વિજયદેવ વિજયસિંહ, [illegible]
નિત્ય રહે હૃદયાંબુજે, [illegible] મુજ દેહ. ૨.
નામ [illegible], [illegible]
મુજ પદ્માવતી નમી, [illegible]. ૩.
તેહ [illegible], [illegible]
[illegible], સુંદર ને [illegible]. ૪.
[illegible], [illegible]
અને [illegible], [illegible]. ૫.
[illegible], [illegible]
[illegible]. ૬.

વેસર વર્ગ વિન નેવલિઈ, સજ્જન સુખિયા રે આસ; સગુણા॰
રાજા જિતશત્રુ તે નગરનો, ધારણી રાણી રે તાસ. સગુણા॰ જિન॰ ૯.
નામે સુરેંદ્રદત્ત શેઠી વસે, તે નગરેં ધનવંત; સગુણા॰
નારી સુભદ્રા સતિય શિરોમણિ, પ્રીતમ પ્રીતિ અત્યંત. સગુણા॰ જિન॰ ૧૦.
સુખીયાં દેવદુગુંદકની પરે, પાળંતા ઘરવાસ; સગુણા॰
પણ એક સુત વિણ ઘર સોહે નહિ, જો બહુ સજ્જનવાસ. સગુણા॰ જિન॰ ૧૧.
રમતાં વદતાં ખોળાં રમાડવાં, માયને ખોળે રે બાળ; સગુણા॰
હરખ સુખે કરી પાસમાં રહે, બાળક જુએ ઉજમાળ. સગુણા॰ જિન॰ ૧૨.
ભોજન વેળા ખોળાં રમતી, જમતાં રમતાં તે બાળ; સગુણા॰
ઢોળતી નારી અમૃત જળ શીતળાં, પુણ્યવંતનો રે ભાવ. સગુણા॰ જિન॰ ૧૩.
એમ ચિંતવતાં દોય દંપતિ. કુળ દેવીને પૂજાય; સગુણા॰
દેવી કહે જિનધર્મ પસાયથી, પુત્રાદિક સુખ થાય. સગુણા॰ જિન॰ ૧૪.
સુગુરૂ સવિ ધર્મને સેવતાં, જન્મ્યો નંદન એક; સગુણા॰
નિરંતર પુત્રને હૃદયમાં, જિનવર પ્રત્યે વિવેક. સગુણા॰ જિન॰ ૧૫.
ધમ્મિલ નામ દીધું ઓચ્છવ કરી, ભોજન સાજન સાર; સગુણા॰
જેમ સિદ્ધિ ઘરમાં પુષ્કર વધે, નિર્મળ કેશરીઆઈ. સગુણા॰ જિન॰ ૧૬.
યોગ્ય ધરણું ધમ્મિલકુંવર તે, તેમ ઉદયવંત રે નિત્ય; સગુણા॰
માત મુખ જોતી દુઃખ હરતી, સ્વપ્ની મોટા ચિત્ત. સગુણા॰ જિન॰ ૧૭.
અઢ વર્ષનો કુંવર હુઓ જ્યારે, આવ્યો મુખ્ય નિશાળ; સગુણા॰
પુરુષ કલા બહોતેર નિપુણ ભણ્યો, સુંદર રૂપ રસાળ. સગુણા॰ જિન॰ ૧૮.
સિદ્ધમંત્ર સિદ્ધન પુરાણ હુઓ, સહસ્ર શિખે ઉપદેશ; સગુણા॰
માત પિતા મુનિ મન રંજીયો, પામ્યો વૈભવ વેશ. સગુણા॰ જિન॰ ૧૯.
નવતત્ત્વાદિક જ્ઞાન સહેજ ભણ્યો, જૈન મુનિની રે પાસ; સગુણા॰
ભાવ વિશુદ્ધે જિન પૂજન કરે. પ્રણામ કરે ધરી રાગ. સગુણા॰ જિન॰ ૨૦.
ત્રણ ભણ્યો શ્રી ધમ્મિલ કુંવરનો તેની પેરેથી રે દાસ; સગુણા॰
શ્રી શુભ વીર રસિક મેળાપન, દેશની દશ ઉજમાળ. સગુણા॰ જિન॰ ૨૧.

દોહરા.

